For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

# વડોદરા જિલ્લામાં અકસ્માતોનો કાળો કેર : માતા-પુત્રી સહિત ૭નાં મોત

## એક્સપ્રેસ-વે પર ટોઇંગ ટ્રક પાછળ કાર ઘૂસી, હાલોલ-વડોદરા હાઈવે પર એક્ટિવા સવાર બે વ્યક્તિનાં મોત; બાઇક અકસ્માતોમાં પણ ચારનાં જીવ ગયા

(પ્રતિનિધઇ) વડોદરા તા.21

વડોદરા શહેર અને જિલ્લામાં માર્ગ અકસ્માતોની હારમાળા યથાવત રહેતાં છ અલગ-અલગ અકસ્માતોમાં માતા-પુત્રી સહિત સાત વ્યક્તિઓનાં મોત નીપજ્યાં છે, જ્યારે અન્ય લોકો ઈજાગ્રસ્ત થયા છે. દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ-વે પર રાયપુરા-અંપાડ વચ્ચે સાઈડમાં ઊભેલી ટોઈંગ ટ્રક પાછળ કાર ઘૂસી જતાં માતા-પુત્રીએ જીવ ગુમાવ્યા હતા. હાલોલ-વડોદરા હાઈવે પર ભાવપુરા નજીક ઊભેલી પીકઅપ વાન પાછળ એક્ટિવા અથડાતાં એક મહિલા અને પુરુષનાં મોત થયાં હતાં. ગોરવાના આઈપીસીએલ રોડ પર બાઈકચાલકને ચક્કર આવતાં કાર સાથે અકસ્માત સર્જાયો હતો, જેમાં તે ઈજાગ્રસ્ત થયો હતો. કરજણના દીવી ગામ નજીક કારની ટક્કરથી બાઈકચાલકનું મોત થયું હતું, જ્યારે તેની સાથેનો અન્ય વ્યક્તિ ઈજાગ્રસ્ત થયો હતો. પાંચદેવલા પાસે રોડ ક્રોસ કરતી 69 વર્ષીય વૃદ્ધાને બાઈકચાલકે અડફેટે લેતાં તેમનું મોત થયું હતું. સેવાસી પાસે કાર અને બુલેટની ટક્કરમાં બોરસદના 23 વર્ષીય યુવકનું સારવાર દરમિયાન મોત થયું હતું, જ્યારે પાછળ બેઠેલાં તબીબ ઈજાગ્રસ્ત થયાં હતાં. વિવિધ પોલીસ મથકોએ તપાસ હાથ ધરી છે.

**રાયપુરા-અંપાડ વચ્ચે ગમખ્વાર અકસ્માત**

## એક્સપ્રેસ-વે પર ટોઈંગ ટ્રક પાછળ કાર ઘૂસી ગઈ, માતા-પુત્રીનાં મોત

**પરિવારના** અન્ય સભ્યો ઈજાગ્રસ્ત, હાઇડ્રોલિક કટરથી કારનાં પતરાં કાપીને મૃતદેહો બહાર કઢાયા



(પ્રતિનિધિ) વડોદરા,તા.21

વડોદરા ગ્રામ્ય વિસ્તારમાંથી પસાર થતા દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ-વે પર રાયપુરા અને અંપાડ વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. માર્ગની સાઈડમાં ઊભેલી ટોઈંગ ટ્રક પાછળ પૂરપાટ ઝડપે આવતી કાર ઘૂસી જતાં માતા-પુત્રીનાં ઘટનાસ્થળે જ મોત નીપજ્યાં હતાં, જ્યારે પરિવારના અન્ય સભ્યો ઈજાગ્રસ્ત થયા હતા. અકસ્માતને પગલે સ્થળ પર અફરાતફરી મચી ગઈ હતી.

પ્રાથમિક વિગતો મુજબ, કારચાલક પરિવાર સાથે મુંબઈ તરફ જઈ રહ્યો હતો. દરમિયાન રાયપુરા-અંપાડ વચ્ચે માર્ગની સાઈડમાં ઊભેલી ટોઈંગ ટ્રક પાછળ કાર ધડાકાભેર અથડાઈ હતી. ટક્કર એટલી જોરદાર હતી કે કારનો આગળનો ભાગ ટ્રકના પાછળના ભાગમાં ઘૂસી ગયો હતો અને કારનો કચ્ચરઘાણ વળી ગયો હતો. કારમાં સવાર માતા-પુત્રી અંદર ફસાઈ જતાં ગંભીર ઈજાઓને કારણે તેમનાં મોત થયાં હતાં.

અકસ્મતનો અવાજ સાંભળીને આસપાસથી પસાર થતા વાહનચાલકો મદદ માટે દોડી આવ્યા હતા. કારમાં ફસાયેલા મૃતદેહો અને ઈજાગ્રસ્તોને બહાર કાઢવા માટે ભારે જહેમત ઉઠાવવી પડી હતી. બચાવકર્મીઓ અને સ્થાનિકોએ હાઈડ્રોલિક કટરની મદદથી કારનાં દરવાજા અને છતનાં પતરાં કાપીને મૃતદેહો તથા ઈજાગ્રસ્તોને બહાર કાઢ્યાં હતાં.

ઈજાગ્રસ્તોને 108 એમ્બ્યુલન્સ મારફતે નજીકની હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. ઘટનાની જાણ થતાં વડોદરા તાલુકા પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસે મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે ગોત્રી જનરલ હોસ્પિટલમાં મોકલી આપ્યા હતા. ક્રેનની મદદથી ક્ષતિગ્રસ્ત વાહનો હટાવી ટ્રાફિક પૂર્વવત કરાયો હતો. પોલીસે અકસ્માત અંગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

**ભાવપુરા પાસે ગમખ્વાર અકસ્માત**

## હાલોલ-વડોદરા હાઈવે પર એક્ટિવા પીકઅપ વાન પાછળ ઘૂસ્યું, બેના મોત

**મૃતકોની** ઓળખ માટે પોલીસની તપાસ

(પ્રતિનિધિ) વડોદરા, તા. 21

હાલોલ-વડોદરા હાઈવે પર જરોદ પોલીસ સ્ટેશનની હદમાં આવેલા ભાવપુરા ગામ નજીક એક્ટિવા અને પીકઅપ વાન વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. હાઈવેની સાઈડમાં ટેક્નિકલ ખામીને કારણે ઊભેલી પીકઅપ વાન પાછળ એક્ટિવા ધડાકાભેર અથડાતાં તેના પર સવાર મહિલા અને પુરુષનાં ઘટનાસ્થળે જ મોત નીપજ્યાં હતાં.

મળતી માહિતી મુજબ, પીકઅપ વાનમાં ટેક્નિકલ ખામી સર્જાતાં ચાલકે તેને હાઈવેની સાઈડમાં ઊભી રાખી હતી. દરમિયાન પાછળથી પૂરઝડપે આવતું એક્ટિવા વાન પાછળ અથડાયું હતું. ટક્કર એટલી જોરદાર હતી કે એક્ટિવાને ભારે નુકસાન થયું હતું અને બંને સવાર રોડ પર પટકાતાં ગંભીર ઈજાઓ પહોંચી હતી.



ઘટનાની જાણ થતાં 108 એમ્બ્યુલન્સ અને પોલીસની ટીમ સ્થળ પર પહોંચી હતી. તબીબોએ તપાસ બાદ બંનેને મૃત જાહેર કર્યા હતા. મૃતકો પાસેથી ઓળખપત્ર કે અન્ય દસ્તાવેજો ન મળતાં તેમની ઓળખ થઈ શકી નહોતી. જરોદ પોલીસે બંને મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે સરકારી હોસ્પિટલમાં ખસેડવાની કાર્યવાહી હાથ ધરી છે. સાથે જ અકસ્માતે મોતનો ગુનો નોંધી સીસીટીવી ફૂટેજ અને વાહનના નંબરના આધારે મૃતકોના વાલીવારસોની શોધખોળ શરૂ કરી છે. અકસ્માતને પગલે હાઈવે પર થોડા સમય માટે ટ્રાફિક પ્રભાવિત થયો હતો.

**કરજણ તાલુકાના દીવી ગામ નજીક કોલીયાદ-પાલેજ રોડ પર અકસ્માત**

## પૂરઝડપે આવતી કારે પાછળથી બાઈકને અડફેટે લેતા ચાલકનું મોત

**બાઈક** પર સવાર અન્ય વ્યક્તિને ઈજા પહોંચતા સારવાર માટે ખસેડાયા

(પ્રતિનિધિ) વડોદરા, તા. 21

વડોદરા જિલ્લાના કરજણ તાલુકાના દીવી ગામ નજીક કોલીયાદ-પાલેજ રોડ પર વેગનઆર કારના ચાલકે પૂરઝડપે અને બેફિકરાઈથી વાહન હંકારી મોટરસાઈકલને પાછળથી ટક્કર મારતાં એક વ્યક્તિનું મોત નીપજ્યું હતું, જ્યારે અન્ય એક વ્યક્તિને ગંભીર ઈજા પહોંચી હતી. આ અકસ્માતમાં ઉરદ નવીનગરીના જગદીશભાઈ માધવભાઈ પાટણવાડિયાનું મોત થયું હતું. જ્યારે જીતેન્દ્રસિંહને મોઢા સહિત શરીરે ઈજાઓ પહોંચી હતી અને જમણા ખભામાં ફ્રેક્ચર થયું હતું. આ બનાવ અંગે વલણ પોલીસ સ્ટેશનમાં વેગનઆર કારના અજાણ્યા ચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

તા. ૧૯ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ સવારે ૯:૩૦ વાગ્યાના અરસામાં દીવી ગામ નજીક કોલીયાદ-પાલેજ રોડ પર મરઘા ફાર્મ પાસે મારુતિ વેગનઆર કારના ચાલકે પોતાની કાર પૂરઝડપે અને બેફિકરાઈથી હંકારી મોટરસાઈકલ નંબર ને પાછળથી ટક્કર મારી હતી. અકસ્માતમાં મોટરસાઈકલ પર સવાર જગદીશભાઈને માથા, કમર, જમણા હાથની કોણી તથા બંને પગમાં ઈજાઓ પહોંચી હતી. ગંભીર ઈજાઓને કારણે તેમનું મોત નીપજ્યું હતું. જ્યારે તેમની સાથેના જીતેન્દ્રસિંહને મોઢા તથા શરીરના અન્ય ભાગોમાં ઈજાઓ પહોંચી હતી. વલણ પોલીસે મૃતકનાં પત્ની કૈલાશબેન જગદીશભાઈ પાટણવાડિયાએ વલણ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે કારચાલકને ઝડપી પાડવા તજવીજ હાથ ધરી છે.

## પાંચદેવલા પાસે બાઈકની ટક્કરે 69 વર્ષીય વૃદ્ધાનું મોત

(પ્રતિનિધિ) વડોદરા તા.21

પાંચદેવલા ગામની સીમમાં રહેતાં સુખીબેન ચાવડા રાત્રિના સમયે હાલોલ-વડોદરા રોડ ક્રોસ કરી રહ્યાં હતાં. દરમિયાન પૂરઝડપે અને ગફલતભરી રીતે આવી રહેલા બાઈકચાલકે તેમને જોરદાર ટક્કર મારી હતી. અકસ્માતમાં વૃદ્ધાને માથા સહિત બંને હાથ અને પગમાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઈજાગ્રસ્ત વૃદ્ધાનું મોત નીપજતાં પરિવારમાં શોક છવાયો હતો. બનાવને પગલે લોકો એકત્ર થયા હતા અને પરિવારજનોને જાણ કરવામાં આવી હતી. પરિવારની ફરિયાદના આધારે જરોદ પોલીસે અજાણ્યા બાઈકચાલક સામે ગુનો નોંધી તેની ઓળખ કરી ધરપકડ કરવા વધુ તપાસ શરૂ કરી છે.

## સેવાસી પાસે કારની બુલેટને ટક્કર, 23 વર્ષીય યુવકનું મોત

(પ્રતિનિધિ) વડોદરા તા.21

વડોદરા નજીક સેવાસી ગામની સીમમાં સોનારકુઈ હોમિયોપેથીક કોલેજ સામે મોડી રાત્રે કાર અને બુલેટ વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. સિંધરોટ તરફથી પૂરઝડપે આવતી કારે બુલેટને સામેથી ટક્કર મારતાં બોરસદના 23 વર્ષીય યુવરાજ પરમારનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું, જ્યારે બુલેટ પર પાછળ બેઠેલાં તબીબ ગંભીર રીતે ઘાયલ થયાં હતાં. અકસ્મતમાં યુવરાજને મોઢા, જમણા હાથના કાંડા અને ડાબા પગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. તેમને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, પરંતુ સવારે 7.45 વાગ્યે તેમનું મોત થયું હતું. ડૉ. સીમાબેન વસાવાને પણ માથા, છાતી, હાથ અને પગમાં ઈજાઓ પહોંચી હતી.

## ગોરવા IPCL રોડ પર બાઈકચાલકને ચક્કર આવતાં કાર સાથે અકસ્માત

**બાઈક** પરથી કાબૂ ગુમાવતાં ફોરવ્હીલર સાથે ધડાકાભેર ટક્કર, મોટી જાનહાનિ ટળી

(પ્રતિનિધિ) વડોદરા તા.21

શહેરના ગોરવા વિસ્તારમાં આવેલા વ્યસ્ત IPCL રોડ પર બાઈક અને કાર વચ્ચે અકસ્માતની ઘટના બની હતી. બાઈકચાલકને અચાનક ચક્કર આવતાં વાહન પરથી કાબૂ ગુમાવ્યો હતો અને બાઈક પૂરઝડપે પસાર થતી ફોરવ્હીલર કાર સાથે અથડાયું હતું. આ અકસ્માતમાં બાઈકચાલકને ઈજાઓ પહોંચતાં સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. સદનસીબે આ ઘટનામાં કોઈ મોટી જાનહાનિ થઈ નહોતી.

બાઈકચાલક IPCL રોડ પરથી પસાર થઈ રહ્યો હતો ત્યારે અચાનક તેને ચક્કર આવ્યાં હતાં. પરિણામે બાઈક પરનો કાબૂ છૂટી જતાં તે નજીકથી પસાર થતી કાર સાથે ધડાકાભેર અથડાયો હતો. અકસ્માતને પગલે બાઈકચાલક રોડ પર પટકાતાં તેને શરીરે નાની-મોટી ઈજાઓ પહોંચી હતી. અકસ્મતનો બનાવ બનતાં જ સ્થળ પર લોકોનાં ટોળાં એકત્રિત થઈ ગયાં હતાં. ઘટનાને પગલે થોડા સમય માટે રોડ પર વાહનવ્યવહાર પણ પ્રભાવિત થયો હતો. સ્થાનિક લોકોએ તાત્કાલિક 108 એમ્બ્યુલન્સને જાણ કરતાં ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને ઈજાગ્રસ્ત બાઈકચાલકને પ્રાથમિક સારવાર આપીને નજીકની હોસ્પિટલમાં ખસેડ્યો હતો. હોસ્પિટલમાં બાઈકચાલકની હાલત સ્થિર હોવાનું જાણવા મળ્યું છે. ઘટનાની જાણ થતાં સ્થાનિક પોલીસ પણ સ્થળ પર પહોંચી હતી અને અકસ્માત અંગે જરૂરી તપાસ હાથ ધરી હતી. અચાનક સર્જાયેલા આ અકસ્માતને પગલે વાહનચાલકોમાં પણ થોડીવાર માટે અફરાતફરીનો માહોલ જોવા મળ્યો હતો.



**ગરબા જોવા ગયેલા નિલેશની હત્યાનો ભેદ ઉકેલાયો, રૂ.30 લાખની સોપારીની લાલચ!**

## જૂની અદાવતમાં બદલો લેવા વિક્રમ વણઝારાએ રચ્યું હત્યાનું કાવતરું

**એલસીબી** અને કપુરાઈ પોલીસે ચાર આરોપીઓને ઝડપી પાડ્યા





(પ્રતિનિધિ) વડોદરા, તા. 21

વડોદરાના સોમાતળાવ ચાર રસ્તા પાસે આવેલા સ્વાગત પાર્ટી પ્લોટની બહાર નવરાત્રિ દરમિયાન નિલેશ વણઝારાની ચપ્પુના ઘા ઝીંકી હત્યા કરવાના ચકચારી કેસનો ભેદ એલસીબી ઝોન-3 અને કપુરાઈ પોલીસે ઉકેલી ચાર આરોપીઓને ઝડપી પાડ્યા છે. પોલીસના જણાવ્યા મુજબ, જૂની અદાવતનો બદલો લેવા હત્યાનું કાવતરું ઘડાયું હતું અને મુખ્ય આરોપી પુનમ વણઝારાને રૂ.30 લાખ તથા બે મકાન આપવાની લાલચ અપાઈ હતી.

તા.19 ઓક્ટોબરની મોડી રાત્રે નિલેશ રમેશભાઈ વણઝારા (ઉં.વ.24) ગરબા જોવા સ્વાગત પાર્ટી પ્લોટ ખાતે ગયો હતો. ગ્રાઉન્ડ બહાર મોટરસાઈકલ પાસે બેઠો હતો ત્યારે માસ્ક પહેરી આવેલા શખ્સે ચપ્પુના ઉપરાછાપરી ઘા ઝીંકી તેની હત્યા કરી ફરાર થઈ ગયો હતો.

પોલીસ કમિશનર નરસિમ્હા કોમારની સૂચનાથી તપાસ શરૂ કરવામાં આવી હતી. પોલીસે 100થી વધુ સીસીટીવી ફૂટેજ તપાસી ટેકનિકલ માહિતી અને બાતમીદારોની મદદથી તપાસ આગળ ધપાવી હતી. અગાઉની હત્યાની અદાવતના એંગલથી તપાસ કરતાં કાવતરું બહાર આવ્યું હોવાનું પોલીસે જણાવ્યું હતું.

પોલીસના દાવા મુજબ, આરોપીઓએ નિલેશની અવરજવર પર નજર રાખી હતી. જાંબુવા બ્રિજ પાસેની હોટલમાંથી ચપ્પાં ખરીદ્યાં હતાં. વિજયકુમાર ઉર્ફે વિજુએ નિલેશની ઓળખ કરાવી હતી, જ્યારે પુનમે ચપ્પુના ત્રણથી ચાર ઘા ઝીંક્યા હતા. સતિષ ઉર્ફે ગલ્લો રિક્ષા લઈને પાછળ ગયો હતો અને વિક્રમ વણઝારા પર કાવતરામાં સહભાગી હોવાનો આરોપ છે.

હત્યા બાદ ફરાર થયેલા મુખ્ય આરોપી પુનમને મહિસાગર જિલ્લાના લુણાવાડા વિસ્તારની હદમાંથી ઝડપી પાડવામાં આવ્યો હતો. પોલીસે હત્યામાં વપરાયેલું ચપ્પુ પણ કબજે કર્યું છે. સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

**બંગાલી પરિવાર દ્વારા સિંદૂર ખેલા કાર્યક્રમ યોજાયો**



■ નવરાત્રી પૂર્ણ થતા કિર્તિ મંદિર અભિવ્યક્તિ ખાતે વડોદરામાં વસતા બંગાલી પરિવાર દ્વારા સિંદૂર ખેલા કાર્યક્રમ યોજાયો હતો તેમાં મોટી સંખ્યામાં મહિલાઓએ ભાગ લીધો હતો સિંદૂર ખેલા (શાબ્દિક અર્થ "સિંદૂરનો ખેલ") એ એક જીવંત અને ઊંડી ભાવનાત્મક સદીઓ જૂની બંગાળી હિન્દુ પરંપરા છે જે દુર્ગા પૂજાના અંતિમ દિવસે વિજયા દશમી પર ઉજવવામાં આવે છે. આ વિધિ દેવી દુર્ગાની મૂર્તિને પાણીમાં વિસર્જિત કરતા પહેલા તેમની ભવ્ય વિદાય દર્શાવે છે, જે કૈલાશ પર્વત પર તેમના સ્વર્ગીય ઘરે પાછા ફરવાનું ચિહ્નિત કરે છે. પરંપરાગત રીતે લાલ કિનારીવાળી ક્લાસિક સફેદ સાડીઓ (લાલ પાર સાડીઓ) પહેરીને, બંગાળી સ્ત્રીઓ બહેનપણુ, વૈવાહિક આનંદ અને દૈવી સ્ત્રીત્વની ઉજવણી કરવા માટે સમુદાયના પંડાલોમાં ભેગા થાય છે.

## સયાજી હોસ્પિટલના કોલ્ડ રૂમની ૬માંથી ૩ કેબિન બંધ

**મૃતદેહ** સાચવવામાં મુશ્કેલી, જગ્યા ન હોવાથી ગોત્રી હોસ્પિટલમાં મોકલવાની ફરજ



(પ્રતિનિધિ) વડોદરા તા.21

મધ્ય ગુજરાતની મોટી સરકારી હોસ્પિટલ સયાજી હોસ્પિટલમાં વહીવટી બેદરકારી અને સુવિધાઓના અભાવનો પ્રશ્ન ફરી સામે આવ્યો છે. હોસ્પિટલના કોલ્ડ રૂમમાં મૃતદેહો સાચવવા માટેની 6 કેબિનમાંથી 3 લાંબા સમયથી બંધ હોવાથી મૃતકોના સ્વજનોને હાલાકી ભોગવવી પડી રહી છે.

કોલ્ડ રૂમમાં જગ્યા અને સુવિધાઓના અભાવે મૃતદેહો સાચવવામાં મુશ્કેલી સર્જાઈ રહી છે. પરિણામે, કેટલીક ડેડબોડી સ્વીકારવામાં મુશ્કેલી પડતાં ગોત્રી સ્થિત જીએમઈઆરએસ હોસ્પિટલમાં મોકલવાની ફરજ પડી રહી છે. સ્વજનના અવસાનના દુઃખ વચ્ચે પરિવારજનોને મૃતદેહ સાચવવા માટે પણ મુશ્કેલીનો સામનો કરવો પડે છે.

આ અંગે એસએસજી હોસ્પિટલના આરએમઓ ડૉ. હિતેન્દ્ર ચૌહાણે જણાવ્યું હતું કે, 6માંથી 3 કેબિન કાર્યરત છે, જ્યારે 3 કેબિન બગડેલી છે. નવી કેબિન બનાવવા માટે મંજૂરી મળી ગઈ છે અને કોલ્ડ સ્ટોરેજની ઉપર બાંધકામ પણ શરૂ કરાયું છે.

જોકે, લાંબા સમયથી બંધ કેબિનના સ્થાને વૈકલ્પિક વ્યવસ્થા કેમ ઊભી ન કરાઈ તેવા સવાલો ઊઠી રહ્યા છે. અગાઉ પણ કોલ્ડ રૂમની વ્યવસ્થાને લઈને વિવાદો થયા છે. ત્યારે તંત્ર દ્વારા ઝડપથી કાયમી ઉકેલ લાવી પરિવારજનોને પડતી હાલાકી દૂર કરવામાં આવે તેવી માગ ઊઠી છે.

**પાણીગેટ ,માંડવી તેમજ વાસણા વિસ્તારોમાં ચેકીંગ**

## શહેરમાં વીજચોરીના ૫૨ કેસ ઝડપાયા રૂપિયા ૬૬.૭૦ લાખનું બિલ ફટકારાયું

**મધ્ય** ગુજરાત વીજ કંપનીની ૪૧ ટીમોનું સઘન ચેકિંગ, ૧૩૦૫ વીજ જોડાણોની તપાસ



(પ્રતિનિધિ) વડોદરા,તા.21

મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડના વિજિલન્સ વિભાગ દ્વારા શહેરમાં વીજચોરી ડામવા માટે વિશેષ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. શહેરના પૂર્વ અને પશ્ચિમ વિસ્તારોમાં 40 ટીમોએ તપાસ કરતાં કુલ 1305 વીજ જોડાણો ચકાસવામાં આવ્યાં હતાં. જેમાં વીજચોરી અને અન્ય ગેરરીતિના 52 કેસ ઝડપાયા હતા.

વિજિલન્સ વિભાગના વિશેષ મુખ્ય ઈજનેર વી.એન. રાઠવાની રાહબરી હેઠળ હાથ ધરાયેલી આ કામગીરીમાં પાણીગેટ અને માંડવી પેટા વિભાગીય કચેરી હેઠળના વિસ્તારો ઉપરાંત પશ્ચિમ વિસ્તારમાં વાસણા પેટા વિભાગીય કચેરી હેઠળ આવતા વિસ્તારોમાં તપાસ કરાઈ હતી.

બાવામાનપુરા, યાકુતપુરા, હાથીખાના, પાંજરીગર મહોલ્લા, છીપવાડ, મીનારા મસ્જિદ વિસ્તાર, પાણીગેટ શાક માર્કેટ, અજબડી મિલ આસપાસ, કાળી તલાવડી, આશિયાના નગર અને નવી નગરી સહિતના વિસ્તારોમાં ટીમોએ સઘન ચેકિંગ કર્યું હતું.

તપાસ દરમિયાન 35 વીજ જોડાણોમાં સીધી વીજચોરી, જ્યારે 17 જોડાણોમાં અન્ય પ્રકારની ગેરરીતિ મળી આવી હતી. આ તમામ કેસમાં ઈન્ડિયન ઈલેક્ટ્રિસિટી એક્ટની કલમ 135 અને 126 હેઠળ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. વીજ કંપની દ્વારા કુલ આશરે રૂ. 66.70 લાખનું પૂરવણી બિલ આકારવામાં આવ્યું છે.

વીજ કંપનીના જણાવ્યા અનુસાર, વીજચોરી અટકાવવા અને ગેરરીતિઓ પર અંકુશ લાવવા આગામી દિવસોમાં પણ શહેરના અન્ય વિસ્તારોમાં ચેકિંગ ઝુંબેશ ચાલુ રાખવામાં આવશે. આ કાર્યવાહીથી વીજચોરી કરતા તત્ત્વોમાં ફફડાટ ફેલાયો છે.

**વડોદરામાં નામકરણ અંગે મોટો વિવાદ!**

## વાઘોડિયા રોડનું 'ઉમા સર્કલ' રાતોરાત બન્યું 'પુષ્ટિ સર્કલ'

**સૌંદર્યીકરણ** કરનાર ખાનગી કંપનીએ કોર્પોરેશનની મંજૂરી વિના નામ બદલ્યાની ચર્ચા



(પ્રતિનિધિ) વડોદરા તા.21

શહેરના વાઘોડિયા રોડ પર આવેલા જાણીતા 'ઉમા સર્કલ'નું નામ બદલીને 'પુષ્ટિ સર્કલ' કરી દેવામાં આવતાં વિવાદ સર્જાયો છે. મહાવીર ચાર રસ્તાથી કલાદર્શન ચાર રસ્તા તરફ જતા માર્ગ પર આવેલા આ સર્કલનું એક ખાનગી કંપની દ્વારા નવીનીકરણ કરાયું હતું. કામ પૂર્ણ થયા બાદ જૂના નામના સ્થાને નવું નામ જોવા મળતાં સ્થાનિકોમાં ચર્ચા શરૂ થઈ છે.

સર્કલનું નામ બદલવાનો નિર્ણય કોણે લીધો અને આ માટે વડોદરા મહાનગરપાલિકાની મંજૂરી મેળવવામાં આવી હતી કે નહીં તેવા સવાલો ઊઠ્યા છે. જાહેર સ્થળોના નામકરણ માટે સામાન્ય રીતે મહાનગરપાલિકાની સત્તાવાર પ્રક્રિયા અને મંજૂરી જરૂરી હોય છે.

આ કિસ્સામાં નિયમોનુસાર મંજૂરી લેવામાં આવી હતી કે નહીં તે અંગે સ્પષ્ટતા થઈ નથી. સ્થાનિક નાગરિકોએ તંત્ર પાસે ખુલાસો કરવાની અને સમગ્ર મામલે તપાસ કરીને યોગ્ય કાર્યવાહી કરવાની માગ કરી છે. ખાનગી કંપનીને નામ બદલવાની સત્તા કોણે આપી તે પણ ચર્ચાનો વિષય બન્યો છે.

**મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની કોમર્સ ફેકલ્ટીનો નિર્ણય**

## ઝીરો ટકા હાજરીવાળાને બીજી ઈન્ટર્નલ પરીક્ષામાં નહીં બેસવા દેવાય

**FY 75%** અને SY-TY માટે 50% હાજરી ફરજિયાત,ઓછી હાજરીવાળાએ આવતા સેમેસ્ટરની લેખિત બાંહેધરી આપવી પડશે



(પ્રતિનિધિ) વડોદરા,તા.21

વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની કોમર્સ ફેકલ્ટી દ્વારા વિદ્યાર્થીઓની હાજરીને લઈને મહત્વનો અને કડક નિર્ણય લેવામાં આવ્યો છે. ફેકલ્ટીના નિર્ણય મુજબ, પ્રવેશ મેળવ્યા બાદ એક પણ દિવસ કોલેજમાં હાજર ન રહેલા, પ્રથમ ઈન્ટરનલ ટેસ્ટ કે પ્રેઝન્ટેશન ન આપનારા અને ઝીરો ટકા હાજરી ધરાવતા વિદ્યાર્થીઓને આગામી બીજી ઈન્ટરનલ પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહીં.

એમએસયુની કોમર્સના ડીન પ્રગ્નેશ શાહે સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે, એકેડેમિક વર્ષ 2026-27 માટે એડમિશન પ્રક્રિયા શરૂ કરતા પહેલાં જ અમે સ્પષ્ટ કર્યું હતું કે હાજરી ફરજિયાત રહેશે અને તેના વગર પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહીં. સેકન્ડ અને થર્ડ યરના વિદ્યાર્થીઓને પહેલાંથી આવવાની ટેવ ન હોવાથી તેમના માટે 50% હાજરી ફરજિયાત કરી હતી, જ્યારે ફર્સ્ટ યરના વિદ્યાર્થીઓ માટે UGC ના નિયમ મુજબ 75% હાજરી ફરજિયાત રાખવામાં આવી છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, અમારી કોઓર્ડિનેટર્સની કમિટી દ્વારા નિર્ણય લેવાયો છે કે પ્રથમ ઈન્ટરનલ ટેસ્ટ કે પ્રેઝન્ટેશનમાં અમે કોઈપણ વિદ્યાર્થીને રોક્યા નહોતા. પરંતુ, જે વિદ્યાર્થીઓની હાજરી બિલકુલ શૂન્ય (0%) છે, જેમણે પહેલી ટેસ્ટ કે પ્રેઝન્ટેશન આપ્યું જ નથી અને એડમિશન લીધા પછી ક્યારેય કોલેજ આવ્યા જ નથી, તેવા વિદ્યાર્થીઓને બીજી ટેસ્ટ આપવા દેવામાં આવશે નહીં. જોકે, જે વિદ્યાર્થીઓની હાજરી ઓછી છે. પરંતુ તેમણે ટેસ્ટ અને પ્રેઝન્ટેશન આપ્યા છે, તેમને પરીક્ષા આપવા દેવામાં આવશે. આ માટે તેમની પાસેથી એક અંડરટેકિંગ ખાતરીપત્ર લેવામાં આવશે કે તેઓ આવતા સેમેસ્ટરમાં જરૂરી હાજરી પૂરી કરશે. વિદ્યાર્થીઓનું વર્ષ ન બગડે તે માટે ફેકલ્ટી પૂરી કાળજી લઈ રહી છે. અમુક વિદ્યાર્થી આગેવાનો માત્ર સસ્તા પ્રચાર માટે વિરોધ કરતા હોય છે.